# India-Türkiye Foreign Office Consultations
## 11 june, 2022

---

# ભારત-તૂર્કી વિદેશ કચેરીનાં પરામર્શો

11 જૂન, 2022

10 જૂન 2022 નાં રોજ અંકારામાં ભારત-તૂર્કી વિદેશ કચેરીનાં પરામર્શો (FoC) નો 11મો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. આ પરામર્શોની સહ-અધ્યક્ષતા સચિવ (પશ્ચિમ) શ્રી સંજય વર્મા અને તૂર્કી ગણરાજ્યનાં ઉપ વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન સેદાત ઓનાલ દ્વારા કરવામાં આવી હતી. FoC નો અંતિમ રાઉન્ડ મે 2019 માં નવી દિલ્હીમાં યોજવામાં આવ્યો હતો.

2. આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા હાથ ધરી હતી. બન્ને પક્ષોએ પ્રશંસા કરી હતી કે 2021-2022 માં US$ 10 અબજ થી વધારે દ્વિપક્ષીય વ્યાપાર સાથે વાણિજ્યીક જોડાણો ઉર્ધ્વગામી હતા. ભારતીય કંપનીઓ તૂર્કીનાં ઓટોમોબાઇલ, ફાર્મા અને આઇટી ક્ષેત્રોમાં હાજર છે. તૂર્કીની કંપનીઓ ભારતનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈજનેરી ક્ષેત્રોમાં તકો જોઇ રહી હતી. બન્ને પક્ષો આર્થિક, સાંસ્કૃતિક અને પારસ્પરિક લોકોનાં સંબંધો વધારવા સંમત થયા હતા.

3. બન્ને પક્ષોએ યુક્રેન અને ઈન્ડો-પેસિફિક સહિત પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન પણ કર્યું હતું. તેઓ સુયોગ્ય રીતે દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોનાં 75 વર્ષની યાદગાર ઉજવણી કરવા પણ સંમત થયા હતા.

4. વાતચીતો સમજદારી અને નિખાલસતાની ભાવનામાં યોજવામાં આવી હતી. બન્ને પક્ષો આગામી વર્ષે પરસ્પર સાનુકૂળ તારીખો પર ભારતમાં પરામર્શોનાં આગામી રાઉન્ડને યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**10 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.